Sunday
22.02.2026
*Volume :10 * Issue No.225
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી ૨૨ ફેબ્રુઆરીએ મેરઠની મુલાકાત લેશે

## પ્રધાનમંત્રી આશરે ૧૨,૯૩૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કરશે



કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મેરઠ, ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે. બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યે,પ્રધાનમંત્રી શતાબ્દી નગર નમો ભારત સ્ટેશન પર મેરઠ મેટ્રો અને નમો ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરશે. ત્યાંથી, તેઓ મેરઠ દક્ષિણ સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે આશરે ૧ વાગ્યે, પ્રધાનમંત્રી મેરઠમાં આશરે ૧૨,૯૩૦ કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને રાષ્ટ્રને લોકાર્પણ કરશે. તેઓ આ પ્રસંગે જનમેદનીને સંબોધન પણ કરશે. પ્રધાનમંત્રી સમગ્ર ૮૨ કિમી લાંબો દિલ્હી-મેરઠ નમો ભારત કોરિડોર રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ ભારતની પ્રથમ નમો ભારત રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) ના બાકીના વિભાગોનું ઉદ્ઘાટન કરશે. આમાં દિલ્હીમાં સરાઈ કાલે ખાન અને ન્યુ અશોક નગર વચ્ચેનો ૫ કિમીનો વિભાગ અને ઉત્તર પ્રદેશમાં મેરઠ દક્ષિણ અને મોદીપુરમ વચ્ચેનો ૨૧ કિમીનો વિભાગ સામેલ છે. પ્રતિ કલાક ૧૮૦ કિમીની ડિઝાઈન ઝડપ સાથે, નમો ભારત એ ભારતની પ્રથમ રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ છે. તે સાહિબાબાદ, ગાઝિયાબાદ, મોદીનગર અને મેરઠ જેવા મુખ્ય શહેરી કેન્દ્રોને દિલ્હી સાથે ઝડપી ગતિએ જોડશે. સરાઈ કાલે ખાન, કોરિડોરનું પ્રારંભિક સ્ટેશન, આ ઉદ્ઘાટનસાથે કાર્યરત થનારા ચાર નમો ભારત સ્ટેશનોમાંનું એક છે. તે એક મુખ્ય મલ્ટી-મોડલ હબ તરીકે વ્યૂહાત્મક રીતે સ્થિત છે, જે હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશન, દિલ્હી મેટ્રોની પિંક લાઈન, વીર હકીકત રાય ISBT અને રિંગ રોડને એકીકૃત રીતે જોડે છે. અન્ય ત્રણ વધુ નમો ભારત સ્ટેશનો, શતાબ્દી નગર, બેગમપુલ અને મોદીપુરમ જે કાર્યરત થઈ રહ્યા છે તે મેરઠમાં છે. પ્રધાનમંત્રી મેરઠ દક્ષિણ અને મોદીપુરમ વચ્ચે મેરઠ મેટ્રો સેવાઓનું પણ ઉદ્ઘાટન કરશે, જે દેશમાં આ પ્રકારની પ્રથમ પહેલમાં, નમો ભારતના સમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કાર્યરત થશે. મેરઠ મેટ્રો આશરે ૧૨૦ કિમી પ્રતિ કલાકની મહત્તમ ઓપરેશનલ ઝડપ સાથે ભારતની સૌથી ઝડપી મેટ્રો સિસ્ટમ હશે. મેટ્રો રસ્તામાં તમામ નિર્ધારિત સ્ટોપેજ સાથે માત્ર ૩૦ મિનિટમાં સમગ્ર પટ્ટાને આવરી લેશે. સમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર નમો ભારત અને મેરઠ મેટ્રોનું આ સીમલેસ એકીકરણ હાઈ-સ્પીડ ઈન્ટરસિટી મુસાફરી અને ઝડપી ઈન્ટ્રા-સિટી હિલચાલ સુનિશ્ચિત કરશે, જે ભારતમાં સંકલિત શહેરી અને પ્રાદેશિક પરિવહન માટે એક બેન્ચમાર્ક સ્થાપિત કરશે. તે માર્ગ ટ્રાફિકને હળવો કરશે અને પરિણામે વાહનોના કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો લાવશે. આ પ્રોજેક્ટ્સ શહેરી ગતિશીલતાને પરિવર્તિત કરવાના અને નાગરિકો માટે જીવન જીવવાની સરળતા (ease of living) માં સુધારો કરતી સીમલેસ, કાર્યક્ષમ, આધુનિક અને ટકાઉ જાહેર પરિવહન પ્રણાલીઓને સુનિશ્ચિત કરવાના પ્રધાનમંત્રીના વિઝનને વધુ વેગ આપશે.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અગરતલામાં પૂર્વીય, ઉત્તર-પૂર્વીય અને ઉત્તરીય પ્રદેશોની સંયુકત પ્રાદેશિક સત્તાવાર ભાષા પરિષદને સંબોધિત કરી



## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દેશ આજે પોતાની ભાષાઓ શીખવા, તેને અપનાવવા અને તેના ગૌરવને વધારવા માટે મક્કમપણે પ્રતિબદ્ધ છે

### દરેક માતા-પિતાએ ઘરે માતૃભાષામાં બોલવું જોઈએ અને તેમના બાળકોને પોતાની ભાષા શીખવવી જોઈએ, જેથી તેઓ તેમના સમૃદ્ધ વારસા અને પરંપરાઓને સમજી શકે.

### ઉત્તર-પૂર્વમાં જે પ્રકારનો સાંસ્કૃતિક ખજાનો છે તે વિશ્વમાં બીજે ક્યાંય જોવા મળતો નથી

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ત્રિપુરાના અગરતલામાં પૂર્વીય, ઉત્તાર-પૂર્વીય અને ઉત્તારીય પ્રદેશોની સંયુકત પ્રાદેશિક સત્તાવાર ભાષા પરિષદને સંબોધિત કરી હતી. આ પ્રસંગે ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સાહા, કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી બંડી સંજય કુમાર, લોકસભા સાંસદ શ્રી બિપ્લબ કુમાર દેબ અને રાજભાષા વિભાગના સચિવ શ્રીમતી અંશુલી આર્યા સહિત અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પરિષદને સંબોધતા કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે જ્યારે આખો દેશ ગુલામીની સાંકળોમાં જકડાયેલો હતો, ત્યારે યુવાન છત્રપતિ શિવાજી મહારાજે રાષ્ટ્રનેઆઝાદ કરવા અને સ્વરાજની સ્થાપના કરવાનો સંકલ્પ લીધો હતો. શ્રી શાહે કહ્યું કે પાછળથી, છત્રપતિ શિવાજી મહારાજે 'હિંદવી સ્વરાજ'નો પાયો નાખ્યો. તેમણે કહ્યું કે સાચું સ્વશાસન સ્વ-ભાષા, સ્વ-રાષ્ટ્ર અને સ્વ-ધર્મના સુમેળભર્યા એકીકરણ દ્વારા પ્રાપ્ત થાય છે. તેમણે કહ્યું કે આજે હિન્દી પોતાની ઓળખ તરફ પાછા ફરવાનું પ્રતીક ધરાવતા એક મોટા આંદોલન તરીકે ઉભરી આવ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે ઘણા વર્ષો સુધી હિન્દી વિરુદ્ધ પ્રચાર કરવામાં આવ્યો હતો કે તેને લાદવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ વચ્ચે ક્યારેય કોઈ સંઘર્ષ હોઈ શકે નહીં, કારણ કે તે બધી એક જ માતાથી જન્મેલી બહેનો જેવી છે - જેઓ સાથે મળીને મોટી થઈ છે અને પ્રગતિ કરી છે. તેમણે કહ્યું કે હિન્દી ક્યારેય બંગાળી, ગુજરાતી, તમિલ, તેલુગુ અથવા મલયાલમ જેવી ભાષાઓ સાથે સ્પર્ધામાં હોઈ શકે નહીં. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે પણ હિન્દીને પ્રોત્સાહન આપવામાં આવે છે, ત્યારે આ બધી ભાષાઓ પણ આપોઆપ મજબૂત થાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દેશ આજે પોતાની ભાષાઓ શીખવા, તેને અપનાવવા અને તેના ગૌરવને વધારવા માટે મક્કમપણે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે એ પણ એક ગેરસમજ પ્રચાર દ્વારા ફેલાવવામાં આવી હતી કે આપણી પોતાની ભાષાઓને પ્રોત્સાહન આપવાથી આપણે સંશોધન અને વિકાસથી દૂર થઈ જઈશું અને વિશ્વથી અલગ થઈ જઈશું. શ્રી શાહે કહ્યું કે જર્મની હોય કે જાપાન, કોરિયા હોય કે ફ્રાન્સ, રશિયા હોય કે ચીન — આ તમામ દેશો શિક્ષણ અને લેખનથી લઈને દૈનિક સંદેશાવ્યવહાર અને સંશોધન સુધી તેમની સંબંધિત માતૃભાષાઓમાં જ્ઞાનને સાચવે છે અને ઉત્પન્ન કરે છે. તેઓ તેમના રાષ્ટ્રોનુંશાસન પણ તેમની પોતાની ભાષાઓમાં કરે છે, અને આજે આ તમામ દેશો વિકાસમાં મોખરે છે. તેમણે કહ્યું કે દેશની પોતાની ભાષા ક્યારેય તેના વિકાસમાં અવરોધ બની શકતી નથી; ઊલટાનું, જે રાષ્ટ્ર પોતાની ભાષામાં વ્યવહાર, શિક્ષણ અને વહીવટ ચલાવે છે તે વધુ ઝડપથી પ્રગતિ કરે છે. તેમણે કહ્યું કે બાળકને કોઈપણ વસ્તુ સરળ રીતે સમજાવવાનું સૌથી અસરકારક માધ્યમ તેની માતૃભાષા છે. શ્રી અમિત શાહે કહ્યું કે ભારત સરકારે નક્કી કર્યું છે કે બાળકોને પ્રાથમિક શિક્ષણ તેમની માતૃભાષામાં આપવામાં આવશે. તેમણે કહ્યું કે આચાર્ય વિનોબા ભાવેએ પોતાનું આખું જીવન નાગરી લિપિના પ્રચાર

**ઉત્તર-પૂર્વમાં બંધ અને નાકાબંધી થતી હતી, પરંતુ આજે ત્યાં સત્તાવાર ભાષા પરિષદ જેવી મહત્વની ઈવેન્ટ યોજાઈ રહી છે**

અને પ્રસાર માટે સમર્પિત કર્યું હતું. તેઓ ભારતીય ભાષાઓના પ્રબળ સમર્થક અને પ્રશંસક હતા અને તેમના પ્રચાર માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું હતું. તેમણે કહ્યું કે આચાર્ય વિનોબા ભાવેએ આ દિશામાં બે ડગલાં આગળ વિચાર્યું હતું. તેમણે માન્યતા આપી હતી કે ભારત પાસેપોતાની લિપિ ધરાવતી ઘણી ભાષાઓ છે, પરંતુ એવી ઘણી બોલીઓ પણ છે જેની અલગ લિપિ નથી. તેથી આ બોલીઓને પણ સાચવવી અને દસ્તાવેજીકૃત કરવી જોઈએ. તેમણે કહ્યું કે જો બોલીઓનું દસ્તાવેજીકરણ અને સંકલન કરવું હોય તો તેના માટે સામાન્ય લિપિની જરૂર પડશે, અને આ વિચારમાંથી જ નાગરી લિપિની વિભાવના ઉભરી આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી એક મોટી ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટનું આયોજન કરી રહ્યા છે, જેમાં વિશ્વભરના વિદ્વાનોએ ભાગ લીધો છે. તેમણે જણાવ્યું કે નાગરી લિપિને કોમ્પ્યુટર સાથે ખૂબ જ સુસંગત અને સૌથી વૈજ્ઞાનિક લિપિમાંની એક માનવામાં આવે છે. તેમણે કહ્યું કે સંસ્કૃત હોય, હિન્દી હોય કે નાગરી લિપિ હોય, જો આપણે નાગરી લિપિને દેશની તમામ બોલીઓ સાથે જોડીશું, તો આપણા દેશની ૨,૦૦૦ થી વધુ બોલીઓને સાચવવાનું કાર્ય આપોઆપ પૂર્ણ થઈ જશે, અને તે ક્યારેય લુપ્ત થશે નહીં. તેમણે કહ્યું કે આ બોલીઓને બચાવવા માટે આપણે નાગરી લિપિના આંદોલનને વધુ મજબૂત અને આગળ વધારવાની જરૂર છે. આગામી દિવસોમાં, તમામ બોલીઓ ચોક્કસપણે તેમની




### શાંતિ કરારો દ્વારા, મોદીજીએ ઉત્તર-પૂર્વને સંઘર્ષની ભૂમિમાંથી વિકાસની ભૂમિમાં પરિવર્તિત કર્યું છે

વાણીને લાંબુ આયુષ્ય આપવા માટે નાગરી લિપિ અપનાવવા તરફ આગળ વધશે, અને તે દિવસ આપણા માટે ઐતિહાસિક હશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે આજે ઘણા મહત્વપૂર્ણ પુસ્તકો બહાર પાડવામાં આવ્યા હતા અને દ્રષ્ટિહીન વ્યક્તિઓને AI-સંચાલિત સ્માર્ટચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ચશ્મા ખાસ કરીને હિન્દી અને બંગલા સહિત વિવિધ ભાષાઓમાં લખેલા લખાણને વાંચવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જે વપરાશકર્તાઓને સામગ્રીને સરળતાથી સમજવા માટે સક્ષમ બનાવે છે. તેમણે કહ્યું કે આ વોઈસ-આધારિત કંટ્રોલ ડિવાઈસ આસપાસના વાતાવરણનું વર્ણન કરવા, ટેક્સ્ટ મોટેથી વાંચવા, બહુભાષી અનુવાદ કરવા અને અન્ય કાર્યો કરવા સક્ષમ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે ત્રિપુરા સહિત ઉત્તર-પૂર્વ ભારતના આઠ રાજ્યો 'અષ્ટલક્ષ્મી' તરીકે ઓળખાય છે, જે પ્રદેશની વિવિધતા અને સમૃદ્ધિનું પ્રતીક છે. તેમણે કહ્યું કે ૨૦૧૪ પહેલા ઉત્તાર-પૂર્વમાં અનેક સશસ્ત્ર જૂથો સક્રિય હતા. શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ઉત્તર-પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે ૨૦૧૪ થી ૨૧ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેના પરિણામે ૧૧,૦૦૦ થી વધુ યુવાનોએ શસ્ત્રો હેઠા મૂક્યા છે અને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાયા છે. તેમણે કહ્યું કે આજે આ પ્રદેશ વિકાસના પથ પર સતત આગળ વધી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઉત્તર-પૂર્વમાં પ્રવાસન ઝડપથી વધી રહ્યું છે અને રોકાણમાં પણ વધારો થયો છે. છેલ્લા દસ વર્ષોમાં, આ શાંતિ કરારો દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર-પૂર્વને સંઘર્ષની ભૂમિમાંથી વિકાસની ભૂમિમાં પરિવર્તિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. શ્રી અમિત શાહે કહ્યું કે ભારતીય ભાષાઓ અને સત્તાવાર ભાષાને મજબૂત કરવા માટે સૌથી યોગ્ય સ્થળ ઉત્તર-પૂર્વ પોતે જ છે, જ્યાં આઠ રાજ્યોમાં ૨૦૦ થી વધુ ભાષાઓ અને બોલીઓ બોલાય છે. તેમણે જણાવ્યું કે ઉત્તર-પૂર્વ ૨૦૦ થી વધુ આદિવાસી જૂથોનું ઘર છે, જેમાં આ પ્રદેશમાં વસતા ૧૬૦ આદિવાસી સમુદાયોના ક્લસ્ટરો છે. તેની પાસે ૫૦ થી વધુ અનન્ય તહેવારો અને ૩૦ થી વધુ પરંપરાગત નૃત્યસ્વરૂપો પણ છે, જે સમગ્ર દેશમાં ઓળખાય છે અને પ્રશંસા પામે છે. તેમણે કહ્યું કે જો ભારતમાં ક્યાંય પણ સંસ્કૃતિનો ખજાનો હોય, તો તે આપણા ઉત્તર-પૂર્વમાં છે. શ્રી અમિત શાહે કહ્યું કે જ્યાં સંસ્કૃતિ સમૃદ્ધ છે, ત્યાં ભાષાઓ પણ સમૃદ્ધ છે, કારણ કે જીવંત ભાષાઓ વિના જીવંત સંસ્કૃતિ અસ્તિત્વમાં નથી હોઈ શકતી. તેમણે જણાવ્યું કે જેઓ ભાષાના નામે વિવાદ ઊભો કરે છે તેઓ જો ભાષાઓના સહ-અસ્તિત્વને સમજવા માંગતા હોય તો તેમણે ત્રિપુરાની મુલાકાત લેવી જોઈએ. તેમણે કહ્યું કે ત્રિપુરામાં ભાષાને લઈને ક્યારેય કોઈ સંઘર્ષ થયો નથી, અને અહીંની ત્રણેય સ્થાનિક ભાષાઓ સમાંતર રીતે સાથે મળીને મોટી થઈ છે અને પ્રગતિ કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે સત્તાવાર ભાષા માત્ર સંદેશાવ્યવહારનું માધ્યમ ન હોવું જોઈએ. તેમણે જણાવ્યું કે જ્યારે નીતિ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણની વાત આવે છે, ત્યારે સત્તાવાર ભાષા અને આપણી ભારતીય ભાષાઓ જ સૌથી મોટું યોગદાન આપી શકે છે. તેમણે કહ્યું કે ઉત્તર-પૂર્વની ઘણી પ્રતિષ્ઠિત હસ્તીઓએ હિન્દી દ્વારા સમગ્ર દેશ અને વિશ્વમાં આ પ્રદેશને ઓળખ અપાવી છે. શ્રી શાહે ઉલ્લેખ કર્યો કે ડૉ. ભૂપેન

**હિન્દી અને ભારતીય ભાષાઓ વચ્ચે ક્યારેય કોઈ વિવાદ હોઈ શકે નહીં, કારણ કે તેઓ એકબીજાની બહેનો છે**

**સત્તાવાર ભાષા અને ભારતીય ભાષાઓ નીતિ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણમાં સૌથી મોટું યોગદાન આપી શકે છે**

**વિવિધ ભાષાઓના ૮૪,૦૦૦ શબ્દોને સમાવીને, રાજભાષા વિભાગનો 'હિન્દી શબ્દ સિંધુ' શબ્દકોશ તમામ ભાષાઓને જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે**

હજારિકા, ત્રિપુરાના પુત્રો એસ.ડી. બર્મન અને આર.ડી. બર્મન, સિક્કિમના ડેની ડેન્ઝોન્ગ્પા અને ઝુબીન ગર્ગ, અન્ય ઘણા લોકો સાથે, હિન્દી દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે. તેમના માટે હિન્દી વ્યાપક રાષ્ટ્રીય પ્રેક્ષકો સુધી પહોંચવા માટેનું પ્લેટફોર્મ બન્યું. સત્તાવાર ભાષાએ સમગ્ર દેશ સાથે જોડાવા માટેના માધ્યમ તરીકે સેવા આપી હતી, અને તે જ સિદ્ધાંત દરેક રાજ્યને લાગુ પડે છે. શ્રી અમિત શાહે કહ્યું કે મોટાભાગની મહાન હસ્તીઓ જેમણે આજીવન સત્તાવાર ભાષાના પ્રચાર અને સંરક્ષણ માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું તેઓ હિન્દીભાષી પ્રદેશોના ન હતા. તેમ છતાં, આ પ્રતિષ્ઠિત વ્યકિતઓએ માત્ર હિન્દીને સત્તાવાર ભાષા તરીકે પ્રચારિત કરી નથી પરંતુ દેશની લિંક લેંગ્વેજ (જોડતી ભાષા) તરીકે તેની જોરદાર હિમાયત પણ કરી છે, કારણ કે તેઓ સમજતા હતા કે રાષ્ટ્રને આગળ વધારવા માટે, સત્તાવાર ભાષાને મજબૂત અને વ્યાપક બનાવવી આવશ્યક છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, રાજભાષા વિભાગે 'ભારતી - બહુભાષી અનુવાદ સારથિ' (Multilingual Translation ChariOeer), મેમરી-આધારિત અનુવાદ પ્રણાલી 'કંઠસ્થ' અને 'હિન્દી શબ્દ-સિંધુ' જેવી મહત્વપૂર્ણ પહેલો શરૂ કરી છે. ખાસ કરીને, 'હિન્દી શબ્દ-સિંધુ' એક વ્યાપક શબ્દકોશ છે જેમાં ભારતની વિવિધ ભાષાઓના ૮૪,૦૦૦ શબ્દોને હિન્દીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ્ય તમામ ભારતીય ભાષાઓની સમૃદ્ધિમાંથી લઈને રાજભાષા હિન્દીને વધુ સમૃદ્ધ અને સંપૂર્ણ બનાવવાનો છે. અત્યાર સુધીમાં આ કાર્યના ૧૩ વોલ્યુમ ભારતના રાષ્ટ્રપતિને સમર્પિત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ તમામ માતા-પિતાને અપીલ કરી હતી કે તેઓ ઘરે પોતાના બાળકો સાથે ફકત તેમની માતૃભાષામાં વાતચીત કરે અને બાળકોને તેમની માતૃભાષા શીખવવામાં આવે તે સુનિશ્ચિત કરે. તેમણે કહ્યું કે જો બાળક તેની માતૃભાષાથી વંચિત રહેશે, તો તે સ્થાનિક સાહિત્ય, કવિતા, કહેવતો, તેમના પ્રદેશના ઈતિહાસ અને અંતે આપણી સમગ્ર સંસ્કૃતિથી કપાઈ જશે. જો આપણે આપણા બાળકોને ભારત સાથે, તેમના સંબંધિત રાજયો સાથે, આપણા મૂલ્યો સાથે અને આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલા રાખવા ઈચ્છતા હોઈએ, તો તમામ માતાઓ અને પિતાઓને ઘરે તેમના બાળકો સાથે માતૃભાષામાં વાતચીત કરવા માટે નમ્ર વિનંતી છે. જ્યારે બાળક કુદરતી રીતે પોતાની ભાષા શીખે છે અને બોલે છે, ત્યારે તેની અભિવ્યક્તિની શક્તિ, વિશ્લેષણાત્મક ક્ષમતા, નિર્ણય લેવાની ક્ષમતા અને નિર્ણયોને અમલમાં મૂકવાની ક્ષમતા અનેકગણી વધી જાય છે. આ તમામ ગુણો ભાષા સાથે ઊંડી રીતે જોડાયેલા છે.

## તંત્રી સ્થાનેથી......

સંપૂર્ણ ડિજિટલ નેશનલ હાઈવે ટોલિંગ ઈકોસિસ્ટમ વિકસાવવા માટે, NHAI 1 એપ્રિલ ૨૦૨૬ થી દેશભરના નેશનલ હાઈવે ફી પ્લાઝા પર રોકડ વ્યવહારો સંપૂર્ણપણે બંધ કરવાનું વિચારી રહ્યું છે. અમલીકરણ પછી, નેશનલ હાઈવે ફી પ્લાઝા પર તમામ ટોલ ચુકવણીઓ FASTag અથવા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) નો ઉપયોગ કરીને ફક્ત ડિજિટલ મોડ દ્વારા પ્રક્રિયા કરવામાં આવશે. સૂચિત માપદંડનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનમાં મેળવેલા લાભોને મજબૂત કરવાનો અને નેશનલ હાઈવે ફી પ્લાઝા કામગીરીની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાને મજબૂત કરવાનો છે. આ પરિવર્તન લેન થ્રુપુટમાં સુધારો કરીને, ફી પ્લાઝા પર ભીડ ઘટાડીને અને ટોલ વ્યવહારોમાં વધુ સુસંગતતા અને પારદર્શિતા લાવીને નેશનલ હાઈવે વપરાશકર્તાઓ માટે 'મુસાફરીની સરળતા' (Ease of Commuting) વધારવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, FASTag ના ૯૮ ટકાથી વધુ વ્યાપે દેશમાં ટોલ વસૂલાતની પદ્ધતિઓમાં નોંધપાત્ર પરિવર્તન આણ્યું છે. હાલમાં, ટોલ વ્યવહારોનો મોટો હિસ્સો વાહનો પર લગાવેલા RFID-સક્ષમ FASTag દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે પ્રક્રિયા કરવામાં આવે છે, જે ટોલ પ્લાઝા પર સીમલેસ અને સંપર્ક રહિત હિલચાલને સરળ બનાવે છે. વધુમાં, નેશનલ હાઈવે ટોલ પ્લાઝા પર UPI પેમેન્ટ સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે, જે દેશભરમાં નેશનલ હાઈવે મુસાફરો માટે તાત્કાલિક અને સુલભ ડિજિટલ પેમેન્ટ વિકલ્પોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. નેશનલ હાઈવે ફી નિયમો મુજબ, માન્ય, કાર્યરત FASTag વિના ફી પ્લાઝામાં પ્રવેશતા વાહનોને જો ફીની ચુકવણી રોકડમાં કરવામાં આવે તો લાગુ વપરાશકર્તા ફી કરતાં બમણી રકમ લેવામાં આવે છે. જ્યારે જે નેશનલ હાઈવે વપરાશકર્તાઓ UPI દ્વારા ચૂકવવાનું પસંદ કરે છે તેમની પાસેથી લાગુ વાહન શ્રેણી માટે વપરાશકર્તા ફીના માત્ર ૧.૨૫ ગણા લેવામાં આવે છે. આ પહેલોએ સામૂહિક રીતે રોકડ વ્યવહારો પરની નિર્ભરતા ઘટાડવા અને ટોલિંગ ફ્રેમવર્કને ડિજિટલાઈઝ કરવાના ઉદ્દેશ્યને આગળ વધાર્યો છે. પ્લાઝા-સ્તરના મૂલ્યાંકન સૂચવે છે કે રોકડ-આધારિત ચુકવણીઓ ભીડ, ટ્રાફિકના પીક સમયગાળા દરમિયાન વધતો રાહ જોવાનો સમય અને વ્યવહાર સંબંધિત વિવાદોમાં ફાળો આપે છે. ચુકવણીના માત્ર ડિજિટલ મોડમાં સંપૂર્ણ પરિવર્તન ઓપરેશનલ કાર્યક્ષમતાને મજબૂત કરશે, ટ્રાફિક વ્યવસ્થાપનમાં સુધારો કરશે, વિલંબ ઘટાડશે અને દેશના વિવિધ નેશનલ હાઈવે અને એક્સપ્રેસવે પરના ૧,૧૫૦ થી વધુ ફી પ્લાઝા પર એકંદર નેશનલ હાઈવે વપરાશકર્તા અનુભવને વધારશે. આ પહેલ ટેકનોલોજી-સંચાલિત, ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતું નેશનલ હાઈવે નેટવર્ક વિકસાવવાના વ્યાપક NHAI ઉદ્દેશ્ય સાથે સુસંગત છે જે દેશભરના નેશનલ હાઈવે વપરાશકર્તાઓને ઝડપી, સીમલેસ સેવાઓ પ્રદાન કરે છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજકોટમાં એશિયાના સૌથી મોટા 'ઈન્ડિયન કેટલ શો'નો પ્રારંભ કરાવ્યો

### ભારતની ગાયોનું માત્ર દૂધ જ નહીં, ગૌમૂત્ર, ગોબર, પંચગવ્ય અમૃત સમાનઃ રાજ્યપાલશ્રી








### ગાયોના સંવર્ધન માટે પશુસંવર્ધન ક્ષેત્રે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા પશુપાલકોને અપીલ કરાઈ

કમલમ્,રાજકોટ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં એશિયાના સૌથીમોટા 'ઈન્ડિયન કેટલ શો'નો પ્રારંભ કરાવ્યો હતો. આ તકે સૌને સંબોધિત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ભારતની દેશી ગાયો માત્ર પશુ નથી, પણ આપણી સંસ્કૃતિ, આર્થિક વ્યવસ્થા, ધરતી અને પર્યાવરણને બચાવનાર એક આધાર છે. દેશી ગાયનું ગૌમૂત્ર, ગોબર, દૂધ, ઘી તેમજ પંચગવ્ય અમૃત સમાન છે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, હિસાર એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં થયેલા રિસર્ચમાં સામે આવ્યું છે કે દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડથી વધુ સૂક્ષ્મ જીવાણુ હોય છે, જે ધરતીને ફળદ્રુપ બનાવે છે. ભારતની તમામ મૂળ નસ્લની ગાયોના ગોબરમાં આ પરિણામ લગભગ સમાન જોવામાં આવ્યા છે. દેશ-વિદેશમાં થયેલા અભ્યાસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ભારતીય 'દેશી ગાયનું છ-૨ દૂધ' સ્વાસ્થ્ય માટે સર્વોત્તમ છે. ભારતની દેશી ગાયો એ દેશ માટે ભગવાનના આશીર્વાદ સમાન હોવાનું તેમણે જણાવ્યું હતું. આ સાથે તેમણે કહ્યું હતું કે, વેદોમાં કહેવામાં આવ્યું છે કે 'ગાય એ વિશ્વની માતા છે'. દેશી ગાયોની નસ્લના સંવર્ધન અને સંરક્ષણ માટે વિવિધ સંગઠનો દ્વારા થઈ રહેલા પ્રયાસોને તેમણે બિરદાવ્યા હતા. ગાયોના સંવર્ધન તથા સંરક્ષણ માટે રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, વર્તમાન સમયમાં પશુ સંવર્ધન ક્ષેત્રે આવેલી ટેક્નોલોજીનો તમામ પશુપાલકોએ ઉપયોગ કરવો જોઈએ. તેમણે પશુપાલકોને ગાયોની વૃદ્ધિ માટે સેક્સડ સોર્ટેડ સીમેન તથા એમ્બ્રિયો ટેક્નોલોજીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. ગૌવંશના સંવર્ધન માટે તેમણે ઉત્તમ પશુપાલનની તંદુરસ્ત સ્પર્ધા માટે પણ પશુપાલકોને પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં પધાર્યા બાદ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ યજ્ઞમાં આહુતિ આપી અને રાજ્યના કલ્યાણની કામના કરી હતી; ત્યારબાદ તેમણે ગીર ગાયનું પૂજન કર્યું હતું. "કેટલ શો"નો પ્રારંભ કરાવ્યા બાદ રાજ્યપાલશ્રીએ IFIZCI ફેડરેશન દ્વારા આયોજિત એક્ઝિબિશન તેમજ પશુ પ્રદર્શનને નિહાળ્યું હતું. આ અવસરે ફેડરેશનના પ્રમુખ શ્રી મદન મોહનજી દ્વારા રાજકોટમાં આગામી બે વર્ષમાં પશુઓની ડીએનએ રિસર્ચ લેબોરેટરી સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટરશ્રી ડો. ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાદેશિક નગરપાલિકાનાં કમિશનર શ્રી મહેશ જાની, આયોજક શ્રી કિશોરભાઈ ઓડેદરા, આયોજક સમિતિના સભ્યો શ્રી ભયલુ બાપુ સહિત વિવિધ સંતો, પશુપાલકો, ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.



કમલમ્,

સિદ્ધપુર ખાતે શેઠશ્રી એમ. પી. હાઇસ્કુલમાં ધો. ૧૦ના ૧૨૦ વિદ્યાર્થી અને ધો.૧૨ના ૯૭ વિદ્યાર્થીઓના આગામી ૨૦૨૬ બોર્ડની પરીક્ષાની શુભેચ્છા અને બોર્ડ ૨૦૨૫ માં પ્રથમ ત્રણ વિદ્યાર્થી તેમજ વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો ભાગ લીધેલ વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતે વિદ્યાર્થીઓને આગામી પરીક્ષા માટે શુભકામના પાઠવી અને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા. આ પ્રસંગે ડો. નરેન્દ્રભાઇ પટેલ ઈ.આઇશ્રી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ની કચેરી પાટણ, શ્રી પુરોહિત સાહેબ ડી. ઓ એલ. આઈ. સી, શ્રી હિતેશભાઈ પટેલ ઇનચાર્જ આચાર્ય, શ્રીમતી દર્શનાબેન દરજી વાલીમંડળ ના પ્રમુખ, શ્રીમતી ગીતાબેન મોદી પ્રિન્સીપાલ ગોકુલ પબ્લિક સ્કૂલ, શ્રી જયેશભાઈ પંડ્યા, વિદ્યાર્થીઓ, વાલી ભાઇઓ અને બહેનો ઉપસ્થિતિ રહ્યા હતા.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ASSOCHAMના "ગુજરાતઃ પાવરિંગ ગ્લોબલ ગ્રોથ" ઈન્ટ્રેક્ટિવ સેશનમાં સહભાગી થયા

### વર્ષ ૨૦૩૫ સુધી દેશમાં સૌથી વધુ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ ગુજરાતમાંથી ઉભરી આવશેઃ- નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી




કમલમ્,

અદાણી શાંતિગ્રામ ખાતે ASSOCHAM દ્વારા આયોજિત "ગુજરાતઃ પાવરિંગ ગ્લોબલ ગ્રોથ ઈન્ડસ્ટ્રી ઈન્ટરેક્ટિવ સેશન"માં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં ઉદ્યોગજગતના આગેવાનો, રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ASSOCHAM દેશની અમૂલ્ય સંપત્તિ સમાન સંસ્થા છે, જેણે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. રાજ્ય સરકાર દેશ-વિદેશના રોકાણકારોને અનુકૂળ અને સુરક્ષિત વાતાવરણ પ્રદાન કરવા પ્રતિબદ્ધ છે. તેમણે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રાથમિકતા આપતા જણાવ્યું હતું કે ઉદ્યોગકારોને સરળ, પારદર્શક અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સરકાર સતત કાર્યરત છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યના તાજેતરના બજેટમાં ૨૫ સ્માર્ટ GIDCના વિકાસ માટે મહત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે, જે ઔદ્યોગિક વિસ્તારોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરીને વિકાસને વધુ ગતિ આપશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી સમયમાં ગુજરાત દેશનું અગ્રણી મેન્યુફેક્ચરિંગ હબ બની રહેશે અને વર્ષ ૨૦૩૫ સુધી દેશમાં સૌથી વધુ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ ગુજરાતમાંથી ઉભરી આવશે.

તેમણે ગિફ્ટ સીટી અને ધોલેરા SIR જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સના ઝડપી વિકાસનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આ પહેલો ગુજરાતને વૈશ્વિક રોકાણ અને ઉદ્યોગ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવી રહી છે.

આ કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગજગત અને સરકાર વચ્ચે પરસ્પર સંવાદ અને સહકાર વધારવા માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ શ્રીમતી મમતા વર્મા, અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, સચિવ (પર્યટન) અને મેનેજિંગ ડિરેક્ટર, DCIDL શ્રી કુલદીપ આર્ય, ASSOCHAMના ડિરેક્ટર શ્રી નિર્મલ કે. મીંડા, ASSOCHAM ગુજરાત કાઉન્સિલ અધ્યક્ષ અને સહ અધ્યક્ષ શ્રી ચિંતન ઠાકર, અને શ્રી જયમીન શાહ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીનજીએ અમદાવાદ ખાતે નગરદેવી મા ભદ્રકાળીના દર્શન કરી, પૂજા-અર્ચના કરી. આ અવસરે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી શ્રી બી. એલ. સંતોષજી, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી સહિત ભાજપા અગ્રણીશ્રીઓ અને આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શિક્ષણ માટે બજેટમાં સૌથી વધુ ઐતિહાસિક રૂ. ૬૩ હજાર કરોડની જોગવાઈ- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમ છાંગા

### ગુજરાત સરકારના બજેટમાં કચ્છના સર્વાંગી વિકાસ માટે વધુ મહત્વ અપાયું : રાજ્ય મંત્રી શ્રી ત્રિકમ છાંગા

#### રાજ્યમાં સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર માટે રૂ. બે હજાર કરોડની જોગવાઈ



કમલમ્,

કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ પાયાની જરૂરીયાત છે. આ મહત્વની કેન્દ્ર સ્થાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શિક્ષણ માટે અંદાજપત્ર : ૨૦૨૬-૨૭માં સૌથી વધુ ઐતિહાસિક રૂ. ૬૩ હજાર કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત @ 2047 અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાના મંત્ર સાથે ગુજરાત સરકારના બજેટમાં કચ્છના સર્વાંગી વિકાસ માટે વધુ મહત્વ આપવામાં આવ્યું છે. 'કચ્છ નહિ દેખા, તો કુછ નહિ દેખા' અને 'કચ્છડો બારેમાસ' પંક્તિની સાચા અર્થમાં સાકાર કરવા ગુજરાત બજેટમાં કચ્છ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રજૂ કરાયેલા સર્વ સમાવેશી અંદાજપત્ર ઉપર પ્રતિક્રિયા આપતા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમ છાંગાએ જણાવ્યું હતું. રાજ્ય મંત્રી શ્રી ત્રિકમ છાંગાએ અંદાજપત્રમાં ખાસ કરીને રાજ્યના યુવાનો માટે શિક્ષણની સાથે રોજગારીને ધ્યાને રાખીને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમભાઈ વાજાના નેતૃત્વમાં કરવામાં આવેલી જોગવાઈ વિશે કહ્યું હતું કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ. ૪૦૦ કરોડ, ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવા, કાર્યરત ૨૦ કોલેજોના બાંધકામ માટે તેમજ ૮ કાર્યરત કોલેજોમાં વધારાનો નવો પ્રવાહ શરૂ કરવા રૂ.૧૨૬ કરોડ તેમજ સરકારી કોલેજ તેમજ રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્પોર્ટસને લગતી સુવિધાઓના વિકાસ માટે રૂ.૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, i-Hub, અમદાવાદ અને i-Hubના ચાર પ્રાદેશિક કેન્દ્રો ખાતે વિવિધ કામગીરી માટે રૂ.૮૦ કરોડ, સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે ભૌતિક સંસાધનો, વિવિધ આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શૈક્ષણિક સોફ્ટવેર પૂરા પાડવા માટે રૂ.૬૭ કરોડ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે હોસ્ટેલ કેમ્પસના વિકાસ માટે બોયઝ હોસ્ટેલના બે નવા બ્લોકના બાંધકામ માટે રૂ.૫૧ કરોડ તેમજ એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે રિસર્ચ પાર્કના બાંધકામ માટે રૂ.૫૧ કરોડની જોગવાઈ કરાઈ છે. વધુમાં મંત્રીશ્રી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણની ૧૩૬ સરકારી કોલેજોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરી મરામત, જાળવણી અને સંરક્ષણ સંબંધિત કામગીરી માટે કુલ રૂ.૪૬ કરોડ, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ માટે રૂ.૪૫ કરોડ, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવા રૂ.૪૫ કરોડ, કૌશલ્ય સહાય સ્કીમ હેઠળ ઈન્ટર્નશિપ માટે અંદાજિત ૨ લાખ ૧૨ હજાર વિદ્યાર્થીઓને આર્થિક પ્રોત્સાહન આપવા રૂ.૪૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. મંત્રીશ્રી વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, એલ.ઈ. કોલેજ, મોરબી ખાતે માળખાકીય સુવિધાઓ, લેબોરેટરીઝના અપગ્રેડેશન, નવા કોર્સીસ શરૂ કરવા અને સંસ્થાને ઓટોનોમસ દરજ્જો આપવા માટે રૂ.૩૫ કરોડ, રાજકોટ ખાતે એન.સી.સી. લીડરશીપ એકેડેમીના બાંધકામ માટે રૂ.૩૧ કરોડ, રાજ્યની યુનિવર્સિટીમાં વાઈલ્ડ લાઈફ લર્નિંગ એક્સટેન્શન, એડવાન્સ મટીરિયલ સેન્ટર, સેમી કન્ડકટર, હેરીટેજ, આર્કિયોલોજી, લાઈફ લોન્ગ લર્નિંગ જેવા અભ્યાસક્રમો શરૂ કરવા રૂ.૨૮ કરોડની જોગવાઈ તેમજ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજોમાં અભ્યાસ કરતા ૧૯ લાખ ૮૪ હજાર વિદ્યાર્થીઓને યુથ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાથે જોડી Industry-ready બનાવવા અને ગુજરાત નેવલ યુનિટ, ભાવનગર ખાતે બોટ હાઉસના નિર્માણ માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમંત્રી શ્રી ત્રિકમ છાંગાએ કચ્છ સહિત રાજ્યના સર્વાંગી વિકાસ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઈ અંગે કહ્યું હતું કે, રાજ્યમાં સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર એમ ૬ (છ) ક્ષેત્ર માટે ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કર્યા છે. જે અંતર્ગત દરેક ક્ષેત્રની જરૂરિયાત મુજબ પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. જેનાથી આર્થિક પ્રવૃત્તિઓ, રોજગાર સર્જન અને મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે. આ માટે રૂ.૨,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ઉપરાંત કચ્છ અને અન્ય વન વિસ્તારમાં ગાંડા બાવળને દૂર કરી તેના સ્થાને બામ્બૂ(વાંસ) સહિત અન્ય સ્થાનિક વૃક્ષોનું વાવેતર કરવા તેમજ કચ્છના બન્ની ઘાંસીયા મેદાનમાં ગ્રાસલેન્ડ રીસ્ટોરેશન માટે રૂ.૯૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. કચ્છ, વલસાડ, ડાંગ, નર્મદા, છોટાઉદેપુર જિલ્લામાં ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે રૂ.૨૮ કરોડ, કચ્છ જિલ્લામાં દુધઈ સબ-બ્રાન્ચ કેનાલના કામો માટે રૂ.૨૩૦ કરોડ, તેમજ કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે. આમ ગુજરાતના વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં અન્ય પ્રદેશોની જેમ કચ્છનો પણ પ્રવાસન, ઔદ્યોગિક, વન વિસ્તાર, શૈક્ષણિક અને ઐતિહાસિક ક્ષેત્રો સર્વાંગી વિકાસનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# માતૃભાષાના ગૌરવ ગાન સાથે અન્ય ભાષાઓ પ્રત્યેનો આદર એ જ આપણી સંસ્કૃતિની અભિવ્યકિત છે:મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ


**૨૦૨૪ના વર્ષ માટેનો યુવા ગૌરવ પુરસ્કાર ગુજરાતી ભાષા માટે અજય સોની અને કચ્છી ભાષા સાહિત્ય માટે દિપક નંદાને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા**

**વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણથી લીડ લેવા માતૃભાષા અને સંસ્કૃતિના જતન સંવર્ધનથી યોગદાન આપવા મુખ્યમંત્રીશ્રીનું આહવાન**

**વિશ્વ માતૃભાષા દિવસની પૂર્વ સંધ્યાએ ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલા માતૃભાષા મહોત્સવ અંતર્ગત સાહિત્ય ગૌરવ પુરસ્કારો અર્પણ કરતાં મુખ્યમંત્રીશ્રી**







**૨૦૨૪ના વર્ષ માટેનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર ગુજરાતી ભાષા માટે શ્રી પ્રવીણ દરજીને તથા કચ્છી ભાષા માટે શ્રી માવજી મહેશ્વરીને એનાયત થયો**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માતૃભાષા દિવસની ગરિમામય ઉજવણીમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, માતૃભાષાના ગૌરવ ગાન સાથે અન્ય ભાષાઓ પ્રત્યેનો આદર એ જ આપણી સંસ્કૃતિની અભિવ્યક્તિ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આપણી માતૃભાષા "અ"થી શરૂ થઈને સૌથી ટોપ પર "જ્ઞ" એટલે કે, જ્ઞાન સુધી વિસ્તરી છે. હૃદયના ભાવ અને સંવેદનાઓને ભાષાથી પ્રગટ કરવાનો આપણો પ્રયાસ માતૃભાષાના આવા સમૃદ્ધ જ્ઞાન દ્વારા જ વ્યકત થઈ શકે છે. આપણી ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખી આગામી પેઢી સુધી પહોંચાડવી એ સમયની માંગ છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ વિશ્વ માતૃભાષા દિવસની પૂર્વ સંધ્યાએ ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલા માતૃભાષા મહોત્સવ અંતર્ગત સાહિત્ય ગૌરવ પુરસ્કારો અર્પણ કરવાનાં આવસરે રમતગમત, યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના રાજ્ય મંત્રી શ્રી ડો.જયરામ ગામીતની ઉપસ્થિતીમાં સંબોધન કરી રહ્યા હતા.

"મા, માતૃભૂમિ અને માતૃભાષાનો કોઈ જોટો જડે તેમ નથી" એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ કથનનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રી કહ્યું કે, માતૃભાષાનું ગૌરવ કરનારો કોઈ પણ વ્યક્તિ તેમના માટે ગૌરવરૂપ છે. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૪ના વર્ષ માટેનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર ગુજરાતી ભાષા માટે શ્રી પ્રવીણ દરજીને તથા કચ્છી ભાષા માટે શ્રી માવજી મહેશ્વરીને એનાયત કર્યો હતો. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યુવા લેખકો-સાહિત્યકારોને અપાતા યુવા ગૌરવ પુરસ્કાર અન્વયે અજય સોની અને દિપક નંદાને ૨૦૨૪ના વર્ષ માટેના ગુજરાતી તથા કચ્છી ભાષા સાહિત્ય માટેના પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ માતૃભાષાને સામૂહિક અસ્તિત્વ અને સ્વાભિમાનનું પ્રતિક ગણાવતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓમાં આવું જ સ્વાભિમાન સોમનાથ સ્વાભિમાન પર્વ અને વિરાસતો તથા સંસ્કૃતિના પૂનરૂત્થાનથી જગાવ્યું છે. તેમણે વિકસિત ભારત ૨૦૪૭ માટેના વડાપ્રધાનશ્રીના વિઝનમાં પણ સંસ્કૃતિ, ભાષા અને જ્ઞાન પરંપરાના વિશેષ સ્થાનનો ઉલ્લેખ કર્યો હતો. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણથી લીડ લેવા માતૃભાષા અને સંસ્કૃતિના જતન સંવર્ધનથી યોગદાન આપવા મુખ્યમંત્રીશ્રીએ સૌ માતૃભાષા પ્રેમીઓ, સાહિત્યરસિકો, લેખકો, સર્જકો અને પ્રબુદ્ધ નાગરિકોને આહવાન કર્યું હતું. આ તકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ મુખ્યમંત્રીશ્રી સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ અવસરે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એક સાથે ૫૧ જેટલા પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી ડૉ. રાહુલ ગુપ્તા, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી માધવ રામાનુજ, સંગીતકાર શ્રી શ્યામલ-સૌમિલ મુનશી અને સુ.શ્રી આરતી મુનશી તથા સાહિત્યકાર શ્રી તુષારભાઈ શુકલ અને લોકગાયક શ્રી કીર્તિદાન ગઢવી સહિત મોટી સંખ્યામાં સાહિત્યકારો, ભાષાપ્રેમીઓ અને સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ચૌધરી કોલેજ સંકુલમાં માતૃભાષા મહોત્સવની કરાઈ શાનદાર ઉજવણી



કમલમ્,

ગુજરાત સાહિત્ય અકાદમી તથા હિન્દી દલિત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ચૌધરી મહિલા અધ્યાપન કોલેજ ગાંધીનગર ખાતે માતૃભાષા મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડો. કેશુભાઈ દેસાઈ અને ડો. કલ્યાણ વૈષ્ણવે માતૃભાષાના ગૌરવ, સાંસ્કૃતિક વારસો, નવી પેઢી માટે દિશા નિર્દેશ અને ગુજરાતી ભાષાની સમૃદ્ધ પરંપરા વિશે વ્યાખ્યાન આપ્યું હતું. હિન્દી દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ ડો. નરસિંહદાસ વણકરે કાર્યક્રમની રૂપરેખા અને હિન્દી દલિત સાહિત્યની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. ડો.મેધાબેન ત્રિવેદીએ પ્રસંગોચિત સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે પી.ટી.સી કોલેજના આચાર્ય ડો. મૃણાલિની ચૌહાણ, બી.એડ. કોલેજના આચાર્ય ડો. દિનેશભાઈ પટેલ, પૂર્વ આચાર્ય અને સંકુલના ઉપપ્રમુખ શ્રી રણછોડભાઈ ચૌધરી તથા ઉપપ્રમુખ એસ. આર. ચૌધરી, સાહિત્યકાર શ્રી રમણભાઈ વાઘેલા કવિ મુલાકી તથા ચૌધરી સંકુલની ભગીની સંસ્થાઓના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

**અમદાવાદ એસ.પી. રીંગ રોડ કઠવાડા ( આર.ડીઝ. ફાર્મ ) ખાતે શ્રી રાજેન્દ્રકુમાર વિશ્રામભાઈ અસારી (IPS) ના પુત્ર ચિ. અભિષિક્તના શુભ લગન પ્રસંગે સંતરામપુર વિધાનસભાના ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી નવદંપતીને સુખી લગનજીવન માટે હાર્દિક શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા.**

## આઈસીએમઆર–રાષ્ટ્રીય વ્યવસાયિક આરોગ્ય સંસ્થાએ હીરક જ્યંતિની ઉજવણી કરી – વ્યવસાયિક આરોગ્ય ક્ષેત્રે સાઠ વર્ષની વારસગાથા

કમલમ્,

આઈસીએમઆર–રાષ્ટ્રીય વ્યવસાયિક આરોગ્ય સંસ્થા (આઈસીએમઆર–એનઆઈઓએચ)ના સાઠ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યે ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ તેની હીરકજયંતિ ઉજવી હતી. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના રાજ્ય પ્રધાન શ્રી પ્રતાપરાવ જાધવે (વર્ચ્યુઅલ માધ્યમથી) મુખ્ય સંબેધન કરતા જણાવ્યું કે રાષ્ટ્રનું આરોગ્ય તેના શ્રમિકોના આરોગ્ય સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું છે. તેમણે સંસ્થાની દુરંદેશી દ્રષ્ટિની પ્રશંસા કરતાં જણાવ્યું કે વ્યવસાયિક આરોગ્ય ક્ષેત્રે તેનું કાર્ય પ્રધાનમંત્રીના "વિકસિત ભારત ૨૦૪૭"ના વિઝન સાથે સંપૂર્ણપણે સુસંગત છે. છ દાયકાની સેવા નિમિત્તે



માનનીય સંસદ સભ્ય શ્રી દિનેશભાઈ મકવાણાએ આધુનિક પોઈઝન ઈન્ફોર્મેશન સેન્ટર (PIC) 2.0 અને નવી સ્થાપિત આઈ.સી.એમ.આર.–એન.આઈ.ઓ.એચ. પ્રદર્શન ગેલેરીનું ઉદ્ઘાટન કર્યુ. મુખ્ય અતિથિ તરીકે તેમણે વ્યવસાયિક આરોગ્ય ક્ષેત્રે સંસ્થાના વ્યાપક યોગદાનની પ્રશંસા કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સ્વસ્થ કાર્યબળ આત્મનિર્ભર અને મજબૂત રાષ્ટ્ર નિર્માણ માટે અગત્યનું છે. આઈ.સી.એમ.આર. ના એન.સી.ડી. વિભાગના વડા ડૉ. આર. એસ. ધાલીવાલે સંસ્થાના અનોખા રાષ્ટ્રીય મંડેટ પર પ્રકાશ પાડ્યો અને ભારતના કાર્યબળના આરોગ્ય અને સુરક્ષા માટેના તેના ઐતિહાસિક યોગદાનને રેખાંકિત કર્યું. એન.આઈ.ઓ.એચ.ના વૈજ્ઞાનિક સલાહકાર સમિતિના અધ્યક્ષ પ્રોફ. ડી. પ્રભાકરણે જણાવ્યું કે એન.આઈ.ઓ.એચ. માટેનો આગામી દિશાસૂચક તબક્કો મજબૂત હસ્તક્ષેપાત્મક સંશોધનનો હોવો જોઈએ, જેથી કાર્યબળના કલ્યાણ માટે વ્યવહારુ અને પુરાવા આધારિત ઉકેલો અમલમાં મૂકી શકાય. આઈ.સી.એમ.આર.–એન.આઈ.ઓ. એચ.ના નિર્દેશક ડૉ. ભાવેશ મોદીએ "વિકસિત ભારત ૨૦૪૭"ના વિઝનને સાકાર કરવા માટે સંસ્થાનો વ્યૂહાત્મક માર્ગ નકશો રજૂ કર્યો અને સ્વસ્થ કાર્યબળને આ લક્ષ્ય હાંસલ કરવાનો એન્જિન ગણાવ્યો. આ ઉપરાંત, સંસ્થાની ગૌરવશાળી વારસાને ઉજાગર કરવા માટે "એન.આઈ.ઓ.એચ. ડાયલોગ બુક"નું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે કેન્દ્ર અને રાજ્ય સ્તરના વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓ, જાહેર આરોગ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ, વ્યવસાયિક અને પર્યાવરણ આરોગ્યના નિયમનકારી તંત્રોના પ્રતિનિધિઓ તેમજ વિવિધ ગેરસરકારી સંસ્થાઓના સભ્યો ઉપસ્થિત રહ્યા.

આ હીરક જયંતિ ઉજવણી સંશોધનમાં શ્રેષ્ઠતા, ક્ષમતા નિર્માણ અને સ્વસ્થ કાર્યબળ તથા પર્યાવરણ માટે નીતિ આધાર પ્રદાન કરવાની દિશામાં આઈ.સી.એમ.આર.–એન.આઈ.ઓ. એચ. ની અડગ પ્રતિબદ્ધતાને પુનઃદૃઢ કરે છે.



કમલમ્,

**સંતરામપુર નગર પાલિકા ફાયર સ્ટેશન હોલ ખાતે "બેટી બચાવો બેટી પઢાવો યોજના" અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, ધોરણ–૧૦ની બોર્ડ પરીક્ષામાં પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી દીકરીઓને એજ્યુકેશન કીટ વિતરણ કરવાનો ગૌરવભર્યો અવસર ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર ને મળ્યો. દીકરીઓની મહેનત, સંકલ્પ અને સફળતાને સલામ—તેમનો ઉજ્જ્વળ ભવિષ્ય ઘડવામાં શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવે છે. તમામ વિજેતા દીકરીઓને હાર્દિક અભિનંદન તથા શુભકામનાઓ. સરકારના આ પ્રયાસોથી નારી શિક્ષણને વધુ વેગ મળશે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન આવશે.**

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આયોજિત "નૂતન ઉડાન-૨૦૨૬" વાર્ષિકોત્સવ તા. ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન ભવ્ય અને ઉત્સાહભેર ઉજવાયો









કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર કે જે સમગ્ર ઉત્તર ગુજરાતની જનતા માટે પ્રાથમિક શિક્ષણથી લઈ મેડીકલ-પેરામેડીકલ, આયુર્વેદિક, હોમિયોપેથિક, ટેકનિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, સાયન્સ, કોમર્સ વગેરે ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પૂરું પાડતી યુનિવર્સિટી તરીકે ગુજરાત તેમજ દેશની નામાંકિત યુનિવર્સિટીઓમા સ્થાન પ્રાપ્ત કરેલ છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે તેમનામાં રહેલી સુષુપ્ત પ્રતિભાઓ બહાર લાવવા તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યો ઉજાગર કરવાના હેતુથી યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૭થી "નૂતન ઉડાન" વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલુ વર્ષે તારીખ ૧૬ થી ૨૦ ફેબ્રુઆરીના રોજ "નૂતન ઉડાન-૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ દિવસે યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના ૨૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી, મહેંદી, શોર્ટ ફિલ્મ મેકિંગ, ફેશન શો, વકતૃત્વ સ્પર્ધા, સલાડ ડેકોરેશન, ડિબેટ, એક પાત્રીય અભિનય, મીમીક્રી, ગૃપ ડાન્સ જેવી ૩૦થી વધુ સાંસ્કૃતિક પ્રતિયોગિતાઓમા ખુબજ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતિમ દિવસે તારીખ ૨૦ ફેબ્રુઆરીના રોજ સ્ટેજ પર્ફોર્મન્સમાં યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ ૪૦થી વધુ ઈવેન્ટ્સમાં પોતાની આગવી કળાનું અદ્દભુત પ્રદર્શન કરી વાતાવરણમાં અનોખુ સ્પંદન અને ઊર્જાત્મક વાતાવરણ ઊભું કર્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો, યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલ, નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વાઈસ ચેરમેનશ્રી ચંદુભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી, હેલ્થ પ્રોગ્રામ ડાયરેક્ટર ડો. જે. આર. પટેલ, આઈ.ક્યુ.એ.સી. ડાયરેક્ટર ડો. ચેતન ચૌધરી અને ડેન્ટલ કોલેજના ડિન ડો. વિલાસ પટેલ ના વરદ હસ્તે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ, રિસર્ચ અને સ્પર્ધાત્મક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને યુનિવર્સિટીને પ્રતિષ્ઠા અપાવનાર તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓને પદક એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે સાથે વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃતિઓનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતું હોય છે, જે માટે વિદ્યાર્થીઓએ કોલેજના અભ્યાસ દરમિયાન પોતાના લક્ષ્યને નિર્ધારિત કરી જરૂરી કુશળતા મેળવવી જોઈએ. જે માટે યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક જરૂરિયાતોની સાથે સ્પોર્ટ્સ, કલ્ચરલ, રિસર્ચ માટે પૂરું પાડવામાં આવતા પ્લેટફોર્મનો ઉપયોગ કરી સતત પ્રયત્નશીલ રહી સફળતાનાં નવા શિખર સર કરવા પ્રેરણા પુરી પાડી હતી. તેમજ વિવિધ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરવા અને ભારત દેશના યશસ્વિ વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત જ૨૦૪૭ ના સ્વપ્નને સાકાર કરવા માટે આહવાન કર્યુ હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી એ વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં પોતાનામાં રહેલા ટેલેન્ટને ઓળખી વિવિધ ક્ષેત્રે આગવી કળાને પ્રદર્શિત કરવા અને શિક્ષણમાં ટેકનોલોગી નો ઉપયોગ કરી પોતાની કારકિર્દી ઘડવા માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વાઈસ ચેરમેનશ્રી ચંદુભાઈ પટેલ તેમજ અન્ય ટ્રસ્ટીશ્રીઓ, આમંત્રિત મહેમાનશ્રીઓ, વિસનગર શહેર અને તાલુકાની શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ, યુનિવર્સિટીના હોદ્દેદારો, વિવિધ ફેકલ્ટીના પ્રિન્સિપાલ તેમજ ડીન, ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ અને ૮૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે પાંચ દિવસ દરમિયાન યોજાયેલ વિવિધસાંસ્કૃતિક પ્રતિયોગિતામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલ અને ઉપસ્થિત મહેમાનશ્રીઓના હસ્તે ઈનામ આપી અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીએ સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા માટે સર્વે યુનિવર્સિટી સ્ટાફ અને વિદ્યાર્થીઓના કાર્યને બિરદાવ્યું હતું.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે આસામના નથુનપુર ગામમાં ૬,૮૩૯ કરોડના વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ–II (VVP–II) નો શુભારંભ કર્યો

**અગાઉ, સરહદી ગામોને દેશના છેલ્લા ગામો તરીકે ઓળખવામાં આવતા હતા, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નક્કી કર્યું કે સરહદ પર આવેલું દરેક ગામ ભારતનું પ્રથમ ગામ છે**




કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે આસામના નથુનપુર ગામમાં ૬,૮૩૯ કરોડના ખર્ચે વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ–II (VVP–II) નો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા સરમા, કેન્દ્રીય ગૃહ સચિવ અને અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે શરૂ થઈ રહેલા વાઈબ્રન્ટ વિલેજ-II કાર્યક્રમ દ્વારા બરાક ખીણ અને આસામના સરહદી જિલ્લાઓના તમામ ગામડાઓમાં, ભારતના અન્ય ગામડાઓની જેમ, સમાન સુવિધાઓ પૂરી પાડવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે સરહદી ગામડાઓને દેશનું "છેલ્લું ગામ" કહેવામાં આવતું હતું કારણ કે તેઓ વિકાસ, રોજગાર, વીજળી જોડાણ અને શિક્ષણમાં પાછળ હતા. શ્રી શાહે કહ્યું કે વાઈબ્રન્ટ વિલેજ-I હેઠળ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નક્કી કર્યું કે સરહદ પરનું દરેક ગામ છેલ્લું નહીં પણ ભારતનું પહેલું ગામ છે. શ્રી શાહે કહ્યું કે આજથી, આસામનું આ ગામ દેશનું પ્રથમ ગામ બનશે. તેમણે કહ્યું કે આ ગામ માત્ર વિકાસની દ્રષ્ટિએ જ નહીં પરંતુ રોજગાર, શિક્ષણ, રસ્તા અને ટેલિકોમ્યુનિકેશનના ક્ષેત્રોમાં પણ અગ્રણી બનશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ–II હેઠળ અંદાજે ૬,૯૦૦ કરોડ ખર્ચવામાં આવી રહ્યા છે જેમાં ૧૭ રાજ્યોના ૩૩૪ બ્લોકના ૧,૯૫૪ ગામોનો સમાવેશ થાય છે, જેમાં આસામના ૯ જિલ્લા, ૨૬ બ્લોક અને ૧૪૦ ગામોનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ભારતના અન્ય કોઈપણ ગામમાં ઉપલબ્ધ તમામ મૂળભૂત સુવિધાઓ આસામના આ ૧૪૦ ગામોને પૂરી પાડવામાં આવશે. શ્રી શાહે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં અરુણાચલ પ્રદેશ, બિહાર, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, ત્રિપુરા, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના ગામોનો પણ સમાવેશ થાય છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા ૩૩૪ બ્લોકના આશરે ૨,૦૦૦ ગામોના વિકાસ માટે અંદાજે ૭,૦૦૦ કરોડનો કાર્યક્રમ આજથી શરૂ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમમાં સુરક્ષા, કલ્યાણકારી યોજનાઓની સંતૃપ્તિ અને કનેક્ટિવિટી સંબંધિત અનેક યોજનાઓનો સમાવેશ થાય છે. શ્રી અમિત શાહે કહ્યું કે અગાઉની સરકારોએ વર્ષો સુધી આસામ પર શાસન કર્યું પરંતુ રાજ્યના વિકાસ માટે કંઈ કર્યું નહીં. તેમણે કહ્યું કે અમારી સરકારના પાછલા ૧૦ વર્ષના શાસનમાં અમે તે હાંસલ કર્યું છે જે અગાઉની સરકારો ૫૦ વર્ષમાં પણ પૂરી કરી શકી નથી. તેમણે કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં આસામમાં દરરોજ સરેરાશ ૧૪ કિલોમીટર રસ્તાઓનું નિર્માણ થયું છે, જે દેશમાં સૌથી વધુ છે. તેમણે કહ્યું કે 'ડબલ-એન્જિન' સરકાર દ્વારા છેલ્લા દાયકામાં ૨૪,૦૦૦ કિલોમીટરથી વધુ રસ્તાઓ અપગ્રેડ કરવામાં આવ્યા છે, ૧૦૦ થી હજારો પુલો બાંધવામાં આવ્યા છે અને ચાર મોટા નવા પુલ આસામના લોકોને અર્પણ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રીએ કહ્યું કે જ્યારે આસામમાં અમારી પાર્ટી સત્તામાં આવી ત્યારે રાજ્યમાં બહુપરીમાણીય ગરીબી ૩૭ ટકા હતી, જે ૨૦૨૩ માં ઘટીને ૧૪ ટકા થઈ ગઈ છે. તેમણે કહ્યું કે આસામની માથાદીઠ આવક, જે ૨૦૧૩-૧૪ માં ૪૯,૦૦૦ હતી, તે લગભગ ત્રણ ગણી વધીને ૨૦૨૪-૨૫ માં ૧,૫૪,૦૦૦ થઈ ગઈ છે. શ્રી શાહે કહ્યું કે આ પરિવર્તન લોકોમાં વધેલા આત્મવિશ્વાસ, સુશાસન અને રાજ્યમાં શાંતિને કારણે શક્ય બન્યું છે. તેમણે કહ્યું કે આસામમાં ડૉ. હિમંતા બિસ્વા સરમાની આગેવાની હેઠળની સરકારે બોમ્બ વિસ્ફોટો અને બળવાખોરીનો પણ અંત લાવ્યો છે. શ્રી અમિત શાહે કહ્યું કે ડૉ. હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં આસામ સમગ્ર ઉત્તર પૂર્વના હેલ્થકેર હબ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે રાજ્યમાં ૨૭,૦૦૦ કરોડના સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થપાઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે મોદી સરકારે આસામમાં રસ્તાઓના વિકાસ માટે ૩૦,૦૦૦ કરોડ, રેલવે માટે ૯૫,૦૦૦ કરોડ અને એરપોર્ટ માટે ૧૦,૦૦૦ કરોડ ફાળવ્યા છે. તેમણે કહ્યું કે આસામના વિકાસને વેગ આપવા માટે એક આકર્ષક ઔદ્યોગિક નીતિ પણ લાવવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે આગામી વર્ષોમાં આસામ દેશના વિકસિત રાજ્યોમાં સામેલ થશે અને વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ–II આ વિઝનનો એક નિર્ણાયક ઘટક છે. તેમણે કહ્યું કે સરકાર એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે દરેક સરહદી ગામ દેશના અન્ય ગામોની સમકક્ષ વિકસિત થાય, સરહદી વિસ્તારોમાંથી કોઈ સ્થળાંતર ન થાય, ઘૂસણખોરોને સરહદો દ્વારા પ્રવેશતા અટકાવવામાં આવે અને સુરક્ષિત આસામ સુરક્ષિત ભારતમાં યોગદાન આપે. શ્રી શાહે કહ્યું કે બરાકવેલીમાંથી વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ–II નું લોન્ચિંગ ૧૭ રાજ્યોમાં સરહદી ગામો સુધી વિકાસ વિસ્તારવાની શરૂઆત દર્શાવે છે.



કમલમ્,

**ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીનજીએ ૨૦ ફેબ્રુઆરીએ ગાંધીનગર અક્ષરધામ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે આત્મીય મુલાકાત કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતાં આ અવસરે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી બી.એલ.સંતોષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતાં.**



કમલમ્,

**કર્ણાવતી મહાનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતિન નવીનજીની મુખ્ય ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ,પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી શ્રી બી. એલ. સંતોષજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી,નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત સાંસદશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓની બેઠકમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ને સહભાગી થવાનો અવસર મળ્યો. આ બેઠક અંતર્ગત સંગઠનની મજબૂતી, આગામી કાર્યક્રમોની રૂપરેખા તથા રાષ્ટ્રસેવા અને જનસેવાને લગતા વિવિધ વિષયો પર વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી.**



કમલમ્,

**ગુજરાતના આંગણે પધારેલા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નિતિન નવીનજીએ અમદાવાદની GSC બેંક ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીની વિશેષ ઉપસ્થિતિમાં સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ સાથે બેઠક કરી સંગઠનાત્મક સંવાદ કર્યો. આ અવસરે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી શ્રી બી. એલ. સંતોષજી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીજી, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી શ્રી સી આર પાટીલ સાહેબ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી તથા ધારાસભ્યશ્રીઓ અને સાંસદશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.**

# કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ અને મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈએ છત્તીસગઢના જિલ્લા કલેકટરો સાથે JSJB 2.0ની સમીક્ષા કરી

**છત્તીસગઢે JSJB 2.0 હેઠળ ૮૮,૦૦૦+ કાર્યો પૂર્ણ કર્યા, ભૂગર્ભજળ રિચાર્જના પ્રયાસોને મજબૂત બનાવ્યા**



કમલમ્,

કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈ સાથે, રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો સાથે જલ સંચય જન ભાગીદારી (JSJB) 2.0 પર ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠક નેશનલ વોટર મિશન, જળ સંસાધન વિભાગ, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ, જલ શક્તિ મંત્રાલય દ્વારા છત્તીસગઢ સરકારના સહયોગથી આયોજિત કરવામાં આવી હતી. શ્રી વી. એલ. કાંથા રાવ, સચિવ, DoWR, RD & GR; શ્રીમતી અર્ચના વર્મા, અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર, નેશનલ વોટર મિશન; શ્રી રાજેશ ટોપ્પો, સચિવ, છત્તીસગઢ સરકાર; સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ આ બેઠક દરમિયાન હાજર રહ્યા હતા જ્યાં દુર્ગ, બિલાસપુર અને સૂરજપુરના જિલ્લા કલેક્ટરો દ્વારા પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી, જેમાં જિલ્લા સ્તરની પ્રગતિ, નવીન પદ્ધતિઓ અને JSJB 2.0 હેઠળ હાથ ધરવામાં આવેલી સમુદાય સંચાલિત જળ સંરક્ષણ પહેલો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ જિલ્લાઓએ મોટા પાયે ગતિશીલતા, યોજનાઓનું કન્વર્જન્સ (જોડાણ) અને ઓછી કિંમતના, વૈજ્ઞાનિક રીતે ડિઝાઈન કરાયેલા ભૂગર્ભજળ રિચાર્જ સ્ટ્રક્ચર્સના કેન્દ્રિત અમલીકરણનું પ્રદર્શન કર્યું હતું. છત્તીસગઢે ટૂંકા ગાળામાં ચાર લાખથી વધુ રિચાર્જ સ્ટ્રક્ચર્સ બનાવીને JSJB 1.0 દરમિયાન રાષ્ટ્રીય સ્તરે બીજું સ્થાન મેળવ્યું હતું. રાજ્યના અનેક જિલ્લાઓને તેમના અનુકરણીય પ્રદર્શન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા, અને રાજ્ય સમુદાય સંચાલિત જળ સંરક્ષણમાં અગ્રેસર તરીકે ઉભરી આવ્યું હતું. JSJB 2.0 હેઠળ, રાજ્યએ ૮૮,૦૦૦ થી વધુ પૂર્ણ થયેલા કામો અને ૪૨,૦૦૦ થી વધુ ચાલુ કામો નોંધ્યાછે, જે તમામ જિલ્લાઓમાં સતત વેગ દર્શાવે છે. આ બેઠકમાં છત્તીસગઢમાંથી ઉભરી આવેલા સફળ મોડલ્સની પણ પુનઃ મુલાકાત લેવામાં આવી હતી, જેમાં રાયપુર મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે ભાગીદારીમાં વિકસિત CREDAI-રાયપુર લો-કોસ્ટ રિચાર્જ મોડલ અને કોરિયા જિલ્લાનું "૫ ટકા મોડલ" સામેલ છે, જે અંતર્ગત ખેડૂતોએ તેમની ખેતીની જમીનનો એક હિસ્સો વરસાદી પાણીના રિચાર્જ માટે સમર્પિત કર્યો હતો. આ મોડલ્સે સાબિત કર્યું કે સ્થાનિક રીતે યોગ્ય, ઓછી કિંમતના હસ્તક્ષેપો, જ્યારે મજબૂત સમુદાય ભાગીદારી દ્વારા સમર્થિત હોય, ત્યારે અર્થપૂર્ણ ભૂગર્ભજળ રિચાર્જ પરિણામો લાવી શકે છે. મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાઈએ રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો કે તમામ જિલ્લાઓ JSJB 2.0 હેઠળ જળ સંરક્ષણ પ્રયાસોને વધુ તેજ બનાવે. તેમણે જણાવ્યું હતું કે છત્તીસગઢ ફરી એકવાર ઉદાહરણ પૂરું પાડવાનો પ્રયત્ન કરશે અને સુનિશ્ચિત કરશે કે જિલ્લા સ્તરનું પ્રદર્શન અન્ય રાજ્યો માટે બેન્ચમાર્ક બને. જિલ્લા કલેકટરોને સંબોધતા મંત્રી શ્રી સી. આર. પાટીલે ચોમાસાની શરૂઆત પહેલા પર્યાપ્ત વરસાદી પાણી રિચાર્જ કરવાની ક્ષમતા બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જલ સંચય જન ભાગીદારી એક જન આંદોલનમાં વિકસિત થઈ છે, જેણે જળ સંરક્ષણને દેશવ્યાપી લોક ચળવળમાં પરિવર્તિત કર્યું છે. મંત્રીએ હાઈલાઈટ કર્યું હતું કે મનરેગા (MGNREGA) હેઠળ જળ સંરક્ષણ માટે નોંધપાત્ર ભંડોળ નિર્ધારિત કરવામાં આવ્યું છે અને જિલ્લાઓને ૩૧ માર્ચ ૨૦૨૬ પહેલા ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. તેમણે ગંભીર અને અર્ધ-ગંભીર જિલ્લાઓમાં કેન્દ્રિત કાર્યવાહી, નિયમિત દેખરેખ, JSJB પોર્ટલ પર સમયસર ડેટા અપલોડ કરવા અને સમુદાય તથા CSR ભાગીદારી સાથે મજબૂત કન્વર્જન્સ માટે આહવાન કર્યું હતું. રાજ્યની સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવતા શ્રી સી. આર. પાટીલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે છત્તીસગઢ JSJB 2.0 હેઠળ તેના પ્રયાસોને વધુ વેગ આપશે અનેસમુદાયસંચાલિતભૂગર્ભજળ રિચાર્જ અને ટકાઉ જળ વ્યવસ્થાપનમાં નવા બેન્ચમાર્ક સેટ કરવાનું ચાલુ રાખશે.

# વહેલી સવારે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કરતા ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજી

**અમદાવાદના આઇકોનિક અટલ બ્રીજની મુલાકાત કરતા ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજી**







**રિવરફ્રન્ટ ખાતે યુવાનો સાથે બેસી સંવાદ કરી ચાય પે ચર્ચા કરતા ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજી**

કમલમ્,

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નવીનજીએ તેઓના ગુજરાત પ્રવાસના બીજા દિવસે વહેલી સવારે અમદાવાદની ઓળખ એવા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કર્યું હતું. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી નીતિન નવીનજીએ અમદાવાદના આઈકોનિક અટલ બ્રીજની પણ મુલાકાત લીધી હતી. તેઓએ રિવરફ્રન્ટ ખાતે યુવાનો સાથે બેસી સંવાદ કરી ચાય પે ચર્ચા કરી હતી. આ પ્રસંગે કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ અને ભાજપા આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે, એક સમય હતો કે અમદાવાદ શહેર વચ્ચેથી પસાર થતી સાબરમતી નદીના પટમા કચરા અને ગંદકીનું સામ્રાજ્ય રહેતું, સર્કસ યોજાતા. પણ આજે એ જ સ્થાને શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ નિશ્ચય અને દૂરંદેશી નેતૃત્વના ફળ સ્વરૂપ દેશનો સૌ પ્રથમ રિવરફ્રન્ટ બન્યો છે જેણે વૈશ્વિક સ્તરે અમદાવાદને આગવી ઓળખ આપી છે.

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે દરરોજ અનેક લોકો મોર્નિંગ વોક, જોગિંગ, સાયકલિંગ, યોગા, કસરત માટે આવે છે. પરિવારો બાળકો સાથે આનંદદાયી પળો અહી વિતાવે છે. આઈકોનિક અટલ બ્રિજ પણ અમદાવાદની ઓળખ બન્યો છે જ્યાં ખૂબ મોટી સંખ્યામાં સહેલાણીઓ પધારે છે. સાબરમતી રિવરફ્રન્ટ અનેક ગતિવિધિઓનું કેન્દ્ર બન્યો છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028